




૩૫ - ગાંધીનગર ઉત્તરના ઉમેદવારને ઓળખો



## અશોકકુમાર રણછોડભાઇ પટેલ

(કોલવડા)

### વિદ્યાર્થી કાળથી જ યુવાપ્રવૃત્તિઓમાં સક્રીય રીતે સંકળાયેલા અશોકભાઈને જરૂરિયાતમંદ વ્યક્તિઓ માટે રચનાત્મક પ્રવૃત્તિઓ કરતા રહેવું તે એમનો શોખ છે

ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠક (૩૬)ના ભાજપના ઉમેદવાર શ્રી અશોકકુમાર રણછોડભાઈ પટેલ કોલવડાના વતની છે. કડવા પાટીદાર સમાજના અગ્રણી અને લોકપ્રિય કાર્યકર છે. ગાંધીનગરને પોતાનું કાર્યક્ષેત્ર બનાવી નગરની વિવિધ સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય પ્રવૃત્તિઓમાં સક્રીય યોગદાન આપી વિશાળ ચાહકવર્ગ ઊભો કરી શક્યા છે. વિદ્યાર્થી કાળથી જ યુવાપ્રવૃત્તિઓમાં સક્રીય રીતે સંકળાયેલા રહ્યાં છે. કૉલેજના જનરલ સેક્રેટરી તરીકે, જિલ્લા વિદ્યાર્થીસંઘના ઉપપ્રમુખ તરીકે, જિલ્લા યુવા સંઘના મંત્રી તરીકે તેમજ નવનિર્માણ આંદોલનમાં વિશિષ્ઠ કામગીરી દ્વારા વિદ્યાર્થી વર્ગમાં પણ આગવી પ્રતિભા ઉપસાવી શક્યા હતા. નગરની સહકારી સંઘમાં પણ વાઈસ ચેરમેન, મેને. ડિરેકટર તેમજ



ગાંધીનગર જિલ્લા સહકારી સંઘમાં પણ ડિરેકટર તરીકે સેવાઓ આપી ચૂક્યા છે. સતત પ્રવૃત્તિમય રહી લોકસેવા માટે દોડતાં રહેવું અને જરૂરિયાતમંદ લોકો માટે રચનાત્મક પ્રવૃત્તિઓ કરતા રહેવું તે એમનો શોખનો વિષય છે.

લોકકલ્યાણની પ્રવૃત્તિ કરતાં કયારેક કડવું સત્ય ઉચ્ચારવું પડે તો અળખામણા થવાની ચિંતા કર્યા વગર હંમેશા સત્યની પડખે ઉભા રહેનાર કર્મનિષ્ઠ આગેવાન છે. તેમની રાજકીય કારકિર્દી પણ ઉજ્જવળ રહી છે. ગાંધીનગર જિલ્લા ભાજપ યુવા મોરચામાં કોષાધ્યક્ષ, મંત્રી, ઉપપ્રમુખ જેવા હોદ્દાઓ પર રહી સતત પક્ષની સેવામાં કાર્યરત રહ્યા છે. ૧૯૮૦થી ૨૦૦૭ની વિધાનસભા ચૂંટમીઓમાં પ્રચાર, પ્રસાર અને વ્યવસ્થા સંકલનની તમામ જવાબદારી નિષ્ઠાપૂર્વક બજાવેલ છે. ઉપરાંત લોકસભાની ચૂંટણી હોય કે જિલ્લા તાલુકા પંચાયતની ચૂંટણી હોય તેઓ લોકસંપર્ક માટે સતત દોડતા રહ્યા છે. કલોલ નગરપાલિકાની ચૂંટણીમાં પણ નિરીક્ષક તરીકે સફળ જવાબદારી નિભાવી પાર્ટીમાં પોતાની આગવી ઈમેજ ઊભી કરી શક્યા છે. પરિણામે સંગઠન પર્વના જિલ્લા ઈન્ચાર્જ તરીકે સતત બે વર્ષ પક્ષે, તેમને જવાબદારી સોંપી છે જે નિષ્ઠાપૂર્વક બજાવી છે.

શ્રી અશોકકુમાર ગાંધીનગર ખાતે સેકટર-૭એ, પ્લોટ નં. ૨૭૧/૧માં પોતાના પરિવાર સાથે રહે છે, પરિવારમાં બે દીકરીઓ અને એક દીકરો છે. ગાંધીનગરમાં રહેવા છતાં ગ્રામ્ય વિસ્તારનો તેમનો લોકસંપર્ક જીવંત રહ્યો છે. પોતાના સમાજની રચનાત્મક કે સામાજિક પ્રવૃત્તિઓમાં તેમનું હંમેશાં વિશિષ્ટ પ્રદાન રહ્યું છે. સંગઠનના માહેર છે ગત વિધાનસભામાં શંભુજી ઠાકોરના ડમી ઉમેદવાર તરીકે ફૉર્મ ભરેલ આ વખતે તેઓ જાતે ઉમેદવાર તરીકે મેદાનમાં છે.

### ભાજપ સરકાર સામે કોંગ્રેસનાં તહોમતનામામાં સીધા આક્ષેપો

# ૧૦ વર્ષમાં ૧૨,૫૫,૬૪૪ ગુનાઓ નોંધાયા

### ચૂંટણી ઢંઢેરાના ૫ ટકા વચનો પણ ભાજપ સરકારે પૂર્ણ કર્યા નથી, ભાજપને મત માંગવાનો નૈતિક અધિકાર નથી

અમદાવાદ, તા. ૩

ગુજરાતની ભાજપ સરકારે તેના ૧૭ વર્ષના શાસનમાં દરેક ક્ષેત્રે



ગુજરાતની દશા અને દિશા બગાડી છે. ભાજપે ૨૦૦૨ અને ૨૦૦૭ના વર્ષમાં ચૂંટણી ઢંઢેરામાં જે પોકળ વચનો આપ્યા હતા એમાં પાંચ ટકા વચનો પણ પુરા કર્યા નથી. ભાજપને નૈતિકતાના આધારે મત માંગવાનો કોઈ અધિકાર નથી. ભાજપે જ ગુજરાતી જનતા સાથે અન્યાય કર્યો છે. તેમ પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અર્જુન મોઢવાડિયા, કેમ્પેઈન કમિટીના ચેરમેન શંકરસિંહ વાઘેલા, એઆઈસીસીના મહામંત્રી બી. કે. હરિપ્રસાદ અને સહપ્રભારી અશોક તન્વરે આજે સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતાં જણાવ્યું હતું.

તેમણે ભાજપ સરકાર સામે તહોમત મૂકતા કહ્યું હતું કે, ગુનાઓ અંકુશમાં રાખવા ભાજપ સરકાર નિષ્ફળ ગઈ છે. છેલ્લાં ૧૦ વર્ષમાં આઈપીસી પ્રમાણે ૧૨,૫૫,૬૪૪ ગુનાઓ નોંધાયા છે. જેમાં ૧૨૬૪૯ ખૂન, ૫૫૬૦ ખૂનના પ્રયાસ, ૩૭૭૬ બળાત્કારના બનાવો, ૧૧૩૯૧ છોકરીઓના અપહરણના બનાવો બન્યા છે. ગુજરાતનો આર્થિક વિકાસ પણ કથળી ગયો છે. ૬૫૦૦૦થી વધુ નાના અને મધ્યમ કદના ઉદ્યોગો બંધ થઈ ગયા છે. જેમાં જામનગરનો બ્રાસપાર્ટ, થાનનો સીરામિક સુરેન્દ્રનગરનો ટેકસટાઈલ-ફાર્માસ્યુટીકલ મશીનરી, રાજકોટનો ઓઈલ એન્જિન અને ગાંધીનગરનો ઈલેક્ટ્રોનિક્સ પાર્ટ ઉદ્યોગો મૃતઃપાય થયા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૨-૧૩ માટે ગુજરાત સરકારનું દેવું રૂપિયા ૧,૪૦,૨૩૮ કરોડ અંદાજવામાં આવ્યું છે. ગુજરાતનો નાગરિક રૂપિયા ૮૪૮૨નો માથાદીઠ વેરો ભરે છે. છતાં રાજ્યમાં માથાદીઠ દેવું રૂપિયા ૨૩૨૨૪નું છે આમ વેરો પણ વધતો જાય છે. માથાદીઠ દેવું પણ વધતું જાય છે. આ ઉપરાંત ગુજરાત માનવ વિકાસની બાબતમાં પાછળ છે. ગ્રામ્ય વિસ્તારમાં બેકારીના દરમાં ગુજરાત ૯મા ક્રમે છે. બાળમૃત્યુ દરમાં ૨૪માં ક્રમે છે. ગુજરાતમાં શિક્ષણનું તંત્ર પણ સાવ ખાડે ગયું છે. ગામડામાં ૧૩૦૦૦ શાળાઓ બંધ કરવાનો નિર્ણય કર્યો છે. આરોગ્યની સ્થિતિ પણ કથળી છે. લોકોનું અપેક્ષિત આયુષ્ય ૬૪ વર્ષ છે. જીવનરક્ષક દવાઓ મફતમાં આપવામાં આવતી નથી. રહેવા માટે ઘર મળતું નથી. હાઉસીંગ બોર્ડની કામગીરી બંધ કરી દીધી છે. તેમણે ઉમેર્યુ હતું કે, ગુજરાતમાં સરકારી અર્ધસરકારી કર્મીઓની હાલત દયનીય છે. ખેડૂતોને ૪ કલાક વીજળી મળતી નથી. મોદી શાસનમાં ૭૦૦૦ ખેડૂતોએ આપઘાત કર્યા છે. દલિતો-આદિવાસી સમાજની સ્થિતિ પણ કફોડી છે. દેશમાં માથાદીઠ આવકમાં ગુજરાત ૯ માં ક્રમે છે. નર્મદા કેનાલોના કામો પૂરા કરાયા નથી. ગૌચરની જમીનો વેચીને મોટો ભ્રષ્ટાચાર કર્યો છે અને ભાજપે ૧૧ વર્ષમાં રૂપિયા ૧ લાખ કરોડના ૧૭ કૌભાંડો કર્યા છે.

### કોંગ્રેસનું તહોમતનામું

અમદાવાદ, તા. ૩

- રાજ્યમાં કાયદો-વ્યવસ્થાની કથળેલી સ્થિતિ
- જીડીપી ગ્રોથ ઘટ્યો : નાના-મધ્યમ કદના ૬૫૦૦૦ એકમો બંધ થયા
- ગુજરાતનું આર્થિક ચિત્ર : ૨૦૧૨-૧૩માં રાજ્યનું દેવું રૂપિયા ૧,૪૦,૨૩૮ કરોડ
- ગુજરાત માનવ વિકાસની બાબતમાં પાછળ
- ગુજરાતનું શિક્ષણ ખાડે ગયું
- દેશમાં માથાદીઠ આવકમાં ગુજરાત ૯ માં ક્રમે
- નર્મદા કેનાલોના કામો પૂરા ન કરાયા
- દલિતો-આદિવાસીઓ-લઘુમતિ સમાજની કફોડી સ્થિતિ
- આરોગ્યની સ્થિતિ પણ કથળી
- સરકારી-અર્ધસરકારી કર્મચારીઓની કફોડી હાલત
- મોદીના શાસનમાં ૭૦૦૦ ખેડૂતોએ આત્મહત્યા કરી

## ૨૦૦૭ના જંગ કરતાં ૪૦૦ ઉમેદવારો વધુ મેદાનમાં

ગાંધીનગર, તા. ૩

રાજ્યની વિધાનસભાની ૧૮૨ બેઠકો માટે ૧૬૬૬ જેટલા ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. જે ગત વિધાનસભાની ચૂંટણી કરતાં ૪૦૦ જેટલા ઉમેદવારો વધુ છે.

રાજ્યમાં વિધાનસભાની બીજા તબક્કાની ચૂંટણી માટે આજે ઉમેદવારીપત્રો પાછા ખેંચવાના અંતિમ દિવસે ૮૨૦ જેટલા ઉમેદવારો મેદાનમાં રહેવા પામ્યા છે. પ્રથમ તબક્કામાં ૮૪૬ ઉમેદવારો મેદાનમાં હતાં. ગત વિધાનસભા અર્થાત્ ૧૨મી વિધાનસભાની ૨૦૦૭માં યોજાયેલ ચૂંટણીમાં ૧૨૬૮ ઉમેદવારોએ ઝૂંકાવ્યું હતું. આમ આ ચૂંટણીમાં ૪૦૦ જેટલા ઉમેદવારોએ વધુ ઉમેદવારી નોંધાવી છે.

# ‘કહેવાતા’ કોગ્રેંસી નેતાઓનું ત્રાગું : નરહરિની નેતાગીરીમાં ગ્રહણ ટાણે સાપ

કોગ્રેંસમાં નરહરિ અમીનની નેતાગીરીમાં થયેલો બળવો કોઈ તદ્દન જ અનપેક્ષિત ઘટના નથી. કોગ્રેંસના હાઈકમાંડમાં બેઠેલા અહમદ પટેલ આ મુદ્દે અંધારામાં રહી ગયા તે એમની બેદરકારી અથવા વધુ પડતો આત્મવિશ્વાસ સૂચવે છે. કોગ્રેંસના અન્ય વરિષ્ઠ નેતાઓ ગુજરાતની બાબતમાં દખલ ન કરે તે સ્વાભાવિક છે. જ્યારે કોગ્રેંસ અને યુપીએનાં સર્વેસર્વા સોનિયા ગાંધી પોતે જ અહમદ પટેલની આંખે જોતાં હોય ત્યાં બીજા નેતાઓની શી હેસિયત? નરહરિ અમીન મૂળભૂત રીતે કોગ્રેંસી નથી; એમની સાથે જે લોકોએ બળવામાં સામેલ થવાનું પસંદ કર્યું છે એ પૈકી મોટાભાગના આગેવાનોનું મૂળ ગોત્ર જનતા પાર્ટી કે જનતા દળ અથવા મોરારજી વાળી જૂની સંસ્થા કોગ્રેંસ છે. આ બધામાં સામેલ અમદાવાદના મુસ્લિમ આગેવાનોને પાર્ટીએ આગળ કર્યા છે, એ મુદ્દે નરહરિ સાથે બેઠા છે. નરેશ રાવળ જૂના કોગ્રેંસી ગંગારામ રાવળના પુત્ર છે. અહમદ પટેલે એમને ગજા કરતાં વધારે મહત્વ આપી દઈ છેક રાષ્ટ્રીય સ્તરે- ઑલ ઈન્ડિયા કોગ્રેંસ કમિટિના મંત્રી પદે સ્થાપ્યા, રાષ્ટ્રીય નિગમના કર્ણધાર બનાવી દીધા, પરંતુ અહીં એમના વતન વિજાપુરમાં એમની હેસિયત બહુ જાણીતી છે. અહમદ પટેલે પોતે પોતાની હેસિંયત જાણી ચૂક્યા હોય ત્યાં એમના પાળેલા પોઠિયાઓની ન સમજી શકે એટલા નાદાન તો એ નથી જ. વિજાપુરની વિધાનસભાની બેઠક જ્ઞાતિના જોરે પટેલ ઉમેદવાર જ જીતી શકે, એ કડવું સત્ય નરેશ રાવળ પચાવી શક્યા નથી. અહમદ પટેલે ભરૂચની લોકસભાની બેઠક છેલ્લાં વીસ વરસથી છોડી દીધી છે. એ મતદારોનો મિજાજ ઓળખઈ ગયા છેઃ પોતે મુસલમાન છે તે એમની જન્મજાત મર્યાદા છે. હિંદુત્વના નશામાં ઝબકોળાયેલું ગુજરાત મુસલમાન ઉમેદવારને નથી સ્વીકારતું, તે મુદ્દે એ સજાગ છે. નરેશ રાવળે અહમદ પટેલની ગુડવિલનો અત્યાર સુધી ભરપુર લાભ લીધો છે. પરંતુ ખરી કસોટીવેળાએ એમણે પોત પ્રકાશી દઈને એમનો સ્વ કેન્દ્રિ રાજકારણીનો ચહેરો બતાવી દીધો છે. બધા બળવાખોરો લડાયક મૂડમાં છે. કોગ્રેંસને હરાવી દેવાની પ્રતિજ્ઞા લઈ બેઠા છે. આ બધામાં મૂળ ઉત્તર ભારતના અને અઠંગ કોગ્રેંસી- અમદાવાદના માજી મેયરને એક માત્ર અપવાદ ઘણી શકાયઃ હિંમતસિંહ પટેલ નારાજ હોવા છતાં પાર્ટી લાઈનથી વિરૂધ્ધ

### ચૂંટણી ચક્રવ્યૂહ

\- યુયુત્સુ દેસાઈ

જવામાં સંકોચ અનુભવે છે. આ બળવાના મુખ્ય સૂત્રધાર નરહરિ અમીન મૂળે વિદ્યાર્થી નેતા છે. ઉંમર વધતાં વિદ્યાર્થી નેતા પણ પરિપકવ બનતા હોય છે. નરહરિમાં એવી પરિપકવતા વરતાતી નથી. એમણે છેક આગલા દિવસ સુધી કોગ્રેંસનાં ગુણગાન ગાયાં છે; ભાજપમાંથી અસંતુષ્ટ આગેવાનોને ખેરવી લાવી કોગ્રેંસના ઉમેદવાર બનાવડાવ્યા છે. ઠેકઠકાણે કોગ્રેંસના બાર મુદ્દાઓનું લોકાપર્ણ કર્યું છે, નરેન્દ્ર મોદીને અને ભાજપની સરકારને ભાંડવામાં કશી કસર નથી છોડી. હવે જ્યારે એમની ટિકિટ કપાઈ છે ત્યારે એ ધૂંધવાયા છે અને હું મરુ પણ તને રાંડ કરું. વાળી દેશી કહેવત સાર્થક કરવા મેદાને



પડ્યા છે. કયાં ગયા એમના સિધ્ધાંતો? ક્યાં ચાલી ગઈ એમની બિનસાંપ્રદાયિકતા? હવે એમણે તો કોગ્રેંસને હરાવવાની પ્રતિજ્ઞા લીધી છે. કોગ્રેંસને હરાવવાનો સીધો અર્થ ભાજપને જિતાડવાનો થાય છે. કોગ્રેંસને હરાવવી જ હોય તો ગિરીશ પરમાર કે ઈશ્વરસિંહ ચાવડાની જેમ ભાજપનો ભગવો ખેસ પહેરી લેવામાં સંકોચ શાનો ?

પેટનો બળ્યો ગામ બાળે- એવો ઘાટ થયો છે. નરહરિ અમીનના આ બળવાથી દેખીતી રીતે જ ભાજપ ગેલમાં આવી ગયો છે. એમને તો આ વખતે ‘ઍન્ટિ ઈન્કમ્બન્સી’નાં કપરાં ચઢાણ ચડવાનાં હતાં. ઓચિંતો જ એમને નરહરિ અમીન નામનો ફિરસ્તો મળી ગયો; કહો કે દોડવું હતું ને ઢાળ મળી ગયો! હકીકતમાં આ બળવો કોઈ મૂળ કોગ્રેંસીઓનો બળવો નથી. કોગ્રેંસનો ઓવરકોટ ચડાવી બની બેઠેલા કોગ્રેંસીઓએ એમનો સ્વાર્થી નહીં સધાતાં કરેલું ત્રાગું જ કહીએ તો ચાલે. રતુભાઈ અદાણી, માધવસિંહ સોલંકી, પ્રબોધ રાવળ, નરસિંહ મકવાણા, સનત મહેતા, યોગેન્દ્ર મકવાણા કે અમરસિંહ ચૌધરી જે ‘કોગ્રેંસ’ ચલાવતાં હતા, એ કોગ્રેંસ કાળક્રમે ચીમનભાઈના ખિસ્સામાં અને શંકરસિંહ વાઘેલાના બગલથેલામાં સરકી ગઈ છે. અહમદ પટેલ કહેવાય છે ગુજરાતના નેતા, પરંતુ એમને ગુજરાત સામે જોવા જેટલો વખત જ કયાં છે? એ તો ઑલ ઈન્ડિયા લેવલના લીડર. એમણે પોતાના વિશ્વાસુ સાથીદારો પણ એવા નિમ્યા કે એ લોકો બધા ભેગા મળે તો પણ આ બહારથી કોગ્રેંસના ઘરમાં ઘૂસી ગયેલા વણનોતર્યા મહેમાનોની ઝીંક ઝીલી શકે એમ નથી. અહમદ પટેલના વિશ્વાસુ ગણાતા વર્તમાન કર્ણધારો શક્તિસિંહ ગોહિલ અને અર્જુન મોઢવાડિયા પોતપોતાની રીતે શ્રેષ્ઠ નેતાઓ છે, પરંતુ એમનું કદ પ્રમાણમાં નાનું છે. પાછળથી પ્રવેશેલા શંકરસિંહ વાઘેલા જ એક માત્ર મોટાગજાના નેતા બની શકે, એની સમજણ ખોટી કે અસ્થાને ન જ ગણાય. હવે શંકરસિંહ વાઘેલાને તો સાચવવા પડે એટલે સાચવી લીધા, મને કેમ ન સાચવ્યો?- આટલો જ સવાલ નરહરિ અમીનના બળવાના મૂળમાં છુપાયેલો છે. કોગ્રેંસ હાઈ કમાંડને શંકરસિંહ વાઘેલાની ધાક છે, કારણ કે, એ જૂના ખેલાડી છે. ધારે તો કેશુભાઈ સાથે ગોઠડી માંડીને નવાજૂની કરી શકે. નરહરિ અમીન કાગળનો વાઘ છે,- એમની સરખામણીમાં શંકરસિંહ વાઘેલા ‘માસ લીડર’ છે, સાચુકલા ‘સિંહ’ છે, જે ગુજરાતના ક્ષત્રિય મતદારોને અડધી રાતે હાકલ કરી બગડેલી બાજી સુધારી શકે છે. માધવસિંહ સોલંકી, શંકરસિંહ વાઘેલા અને દિનશા પટેલ એક દિશામાં વિચારવા લાગે તો ગુજરાતમાં કોંગ્રેસનો જય જયકાર થઈ જાય. માધવસિંહ નિવૃત્ત થઈને પુસ્તકોમાં પરોવાઈ ગયા છે, શંકરસિંહ વાઘેલાને આટલાં વર્ષો પછી પણ ‘બહારના’ ગણી શંકાની નજરે જોવામાં આવે છે અને દિનશા પટેલને ફકત ચરોતર પૂરતા સિમીત બનાવી દેવાયા છે, એથી કોંગ્રેસની આ દુર્દશા થવા પામી છે. નરહરિ અમીને કોંગ્રેસની દુખતી રગ દાબી છે : કોંગ્રેસમાં ચાલતા સગાવાદના દૃષ્ટાંતો ટાંક્યા છે. નરેશ રાવળે કોંગ્રેસમાંથી ‘ચંડાળ ચોકડી’નું કારસ્તાન ગણાવ્યું છે પણ એ ચોકડીમાં ત્રણ જાણીતાં નામ ગણાવી ચોથું નામ અધ્યાહાર રાખ્યું છે! નરહરિ અમીનમાં પોતાની કોઈ ‘કોન્સ્ટિટ્યુન્સી -’ મત વિસ્તાર સલામત કરવાની શક્તિ નથી. એ ચૂંટાયા ત્યારે પણ નસીબજોગે ભૂલથી, ભાજપના સમર્થનથી ચૂંટાઈ ગયા હતા. એ પછીની એમની કારકિર્દી જાણીતી છે. આ વખતની ચૂંટણીમાં ચૂંટણી સમિતિના મોભાદાર સભ્ય તરીકે એમને સંનિષ્ઠ કામગીરી પણ બજાવી છે; જે નવા શહેરી મતવિસ્તારોમાં નિશ્ચિત રીતે ભાજપનો જ ઉમેદવાર જીતી શકે, એવી ત્રણ ચાર બેઠકો પર એમણે ભાજપના જ કાર્યકરોને કોંગ્રેસનો ખેસ પહેરાવી દઈ ઉમેદવાર પણ બનાવી દીધા; પરંતુ પીરસણિયો પોતે જ રહી ગયો! હાઈકમાન્ડે નકકી કરેલા ધારા ધોરણો મુજબ ૧૫,૦૦૦ મતો કરતાં વધારે તફાવતથી હારેલા અને સળંગ બે ચૂંટણીઓ હારેલા આગેવાનોને ટિકીટ નહીં આપવાના નિયમને વળગી રહેવાનો નિર્ણય ન થયો હોત તો નરેશ રાવળ કે નરહરિ અમીનને હારવા માટે પણ ટિકીટ જરૂર મળી હોત. જો એમના પૂરતો જ અપવાદ કરાયો હોત તો કદાચ આટલો મોટો ઊહાપોહ પણ ન થયો હોત. પરંતુ પાર્ટી હાઈકમાંડે જાતે નક્કી કરેલા ‘ક્રાઈટેરિયા’ને વળગી રહેવાનું પસંદ કર્યું અને નરહરિ અમીનને હળવાશથી - ‘લાઈટ્લી’ લીધાં. કોંગ્રેસનાં સૌથી વધુ પ્રભાવશાળી નેતા ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વ. ઈંદિરા ગાંધીએ એમને હરાવવા એક થયેલા વિવિધ વિચારસરણી ધરાવતા નેતાઓને બનાવેલી ‘જનતા પાર્ટી’ને ડુંગળીના દડા સાથે સરખાવી હતી અને આગાહી કરી હતી કે ઉપરનું ફોતરૂં ઊખડતાંની સાથે જ એનાં પડેપડ જુદાં થઈ જશે. કાળક્રમે એમની એ આગાહી સાચી પણ ઠરી હતી. અત્યારે એ જ આગાહી ગુજરાતની કોંગ્રેસ સન્દર્ભે અદ્દલ બંધબેસતી આવે છે. ચીમનભાઈ પટેલનું જૂથ, એમાંથી જુદું તરી આવેલું, નરહરિ અમીનનું જૂથ, શંકરસિંહ વાઘેલાનું જૂથ, અમરસિંહ ચૌધરી (તુષાર ચૌધરીનું) જૂથ : કેટલાં બધા જૂથોમાં વહેચાયેલી છે આ કોંગ્રેસ! એમાં સળંગ સૂત્રતા અને એકતા જળવાય એવી આશા રાખવી એ જ મોટી ભૂલ ગણાય. કોંગ્રેસ તો દરિયો છે. એમાં સારાં-નરસાં તત્વોની આવનજાવન નિરંતર ચાલુ જ રહી છે અને રહેશે. એ કોઈ ‘કેડર’ બેઝ ધરાવતી પાર્ટી નથી રહી. કોંગ્રેસ ‘ખીચડી પાર્ટી છે. એમાં કોઈ ભળવા માગે તો ગમે ત્યારે ભળી શકે છે અને જવા માગે તો ગમે ત્યારે જઈ શકે છે. એથી એના સ્વરૂપ કે ચરિત્ર પર કોઈ ખાસ અસર પડતી નથી. ગુજરાતમાં છેલ્લા વીસ-બાવીસ વર્ષથી એ સત્તાની બહાર રહી છે, છતાં એ ‘સુધરી’ નથી. હાઈ કમાન્ડને પણ ગુજરાતની ખાસ કોઈ ચિંતા-ફિકર હોય એમ લાગતું નથી. એમને ફિકર છે તો ફક્ત એટલી કે નરેન્દ્ર મોદી કદ મુજબ વેતરાવા જોઈએ. કેશુભાઈ પટેલ મુખ્યમંત્રી બનતા હોય તો કોંગ્રેસને ભાગ્યે જ કોઈ વાંધો હોય પરંતુ નળની પાછલ કળજુગની જેમ કેન્દ્ર સરકારની સામે સતત ઘુઘવાટા કરતા નરેન્દ્ર મોદી એને સખત ચીડ છે!

